# સમય સંદેશ

જાહેરાત, પ્રેસનોટ, ટ્યૂકડી જાહેરાત, મરણ નોંધ તેમજ જન્મદિવસની શુભકામના આપવા માટે
**સમય સંદેશ કાર્યાલય**
આકાશ ગંગા એપાર્ટમેન્ટ, ભંગાર બજાર રોડ, જામનગર.
મો.૮૮૬૬૦૬૬૦૬૦
ઉપરાંત..
અમારા માન્ય ડિસ્ટ્રીબ્યુટરનો પણ સંપર્ક કરી શકો છો..
**આશાપુરા ન્યૂઝ એજન્સી**
કે.પી. જાડેજા હવાઈચોક, જામનગર
મો.૯૩૨૮૧૦૪૧૮૨

સમય તમારો, સંદેશ અમારો...

# સમય સંદેશ

■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું સવારનું દૈનિક અખબાર


**આજનો સુવિચાર**

બાળકના જન્મ સમયે જ તેનું રૂદન માતાને પ્રિય લાગે.. બાકી સંતાનનું રૂદન માતા માટે ક્યારેય આનંદનો વિષય ન હોઈ શકે!


વર્ષ: ૮ ● અંક: ૩૪૫ ● તારીખ: ૨૨.૧૦.૨૦૨૩, રવિવાર ● પાના:૪ ● કિંમત રૂા. ૪.૦૦ ● SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER

E-MAIL: samaysandeshnewstv@gmail.com ● RNI NO. GUJ GUJ/2015/64531 ● POSTAL REGISTERED NUMBER GJN-228 ● OFFICE MOB. NO. 8866066060




શહેરમાં પૉલીસ સ્મૃતિ દિન નિમિત્તે પરેડ: શહીદોને અંજલિ

વાંચો પાના નં. 02



કૃષિમંત્રીના અધ્યક્ષસ્થાને જામનગર તાલુકા કક્ષાનો કૃષિ પરિસંવાદ કાર્યક્રમ યોજાયો

વાંચો પાના નં. 03



જામનગરના વિવિધ વિસ્તારોમાં વિજ વિભાગ દ્વારા અપાતાં ચેકિંગના ઝટકા !

વાંચો પાના નં. 04



## ઈસરો દ્વારા શ્રી હરિકોટાથી ટીવી-ડી૧ મિશન ગગનયાનનું સફળ પરિક્ષણ

ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO) એ તેના મહત્વાકાંક્ષી માનવ મિશન ગગનયાનની પ્રથમ ટેસ્ટ ફ્લાઈટ સફળતાપૂર્વક લોન્ચ કરી છે. અગાઉ આ ફ્લાઈટ ૮ વાગ્યે પ્રસ્તાવિત હતી પરંતુ કેટલીક ટેકનિકલ ખામીઓને કારણે ઈસરોએ તેને અટકાવી દીધી હતી. બે કલાકની અંદર, ISRO એ તકનીકી ખામીને સુધારી અને ૧૦ વાગ્યે ગગનયાન સફળતાપૂર્વક લોન્ચ કર્યું. પેલોડ સાથે ઉડાન ભરનાર ગગનયાન એ તેનો પ્રથમ માઈલસ્ટોન પાર કર્યો છે. ઈસરોના વડા એસ સોમનાથે જણાવ્યું હતું કે વિસંગતતાને કારણે પ્રક્ષેપણ સમયપત્રક મુજબ થઈ શક્યું નથી. તેમણે કહ્યું કે ટીવી-ડી૧ રોકેટનું એન્જિન નિર્ધારિત પ્રક્રિયા મુજબ ચાલુ થઈ શક્યું નથી. ISROએ ડપર પોસ્ટ કર્યું, 'પ્રક્ષેપણ અટકાવવાનું કારણ ઓળખી કાઢવામાં આવ્યું છે અને તેને સુધારી લેવામાં આવ્યું છે. ટીવી-ડી૧ એન્જીન શરૂઆતમાં નિર્ધારિત સમય પ્રમાણે ફાયર કરવામાં નિષ્ફળ જતાં બે કલાકના વિલંબ અને ગભરાટ વચ્ચે ઈસરોના વૈજ્ઞાનિકોએ સફળતાપૂર્વક રોકેટને લોન્ચ કર્યું હતું. ક્રૂ મોડ્યુલ અને ક્રૂ એસ્કેપ વ્હીકલ અલગ થતાની સાથે જ શ્રીહરિકોટાના મિશન કંટ્રોલ સેન્ટરમાં શ્વાસ લઈને બેઠેલા વૈજ્ઞાનિકોએ તાળીઓના ગડગડાટથી તેનું સ્વાગત કર્યું. જાહેરાત કરી છે કે ઝટ-ઉ૧ મિશન સંપૂર્ણપણે સફળ રહ્યું છે. યોજના મુજબ, પેલોડ્સને પછીથી સલામત રીતે દરિયામાં છોડવામાં આવ્યા હતા.

## ત્રણ જ મહિનાની બાળકી સાથે રેપ બાદ હત્યા ટ્રાયલ કોર્ટે આપી ફાંસી

સુપ્રીમ કોર્ટે બળાત્કાર અને હત્યાના આરોપીની ફાંસીની સજા રદ કરી છે. વાત જાણે એમ છે કે, સુપ્રીમ કોર્ટે કહ્યું કે, આરોપીને ઉતાવળમાં દોષિત ઠેરવવામાં આવ્યો અને તેને પોતાનો બચાવ કરવાની પૂરતી તક પણ આપવામાં આવી નથી. હવે આ કેસ ફરીથી ટ્રાયલ કોર્ટમાં મોકલવામાં આવ્યો છે. સુપ્રીમ કોર્ટમાં સુનાવણી દરમિયાન જસ્ટિસ બીઆર ગવઈ, જસ્ટિસ પીએસ નરસિમ્હા અને જસ્ટિસ પ્રશાંત કુમાર મિશ્રાની બેન્ચે પણ ટ્રાયલ કોર્ટની આકરી ટીકા કરી હતી.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે, ટ્રાયલ કોર્ટે આ કેસની ઉતાવળમાં સુનાવણી કરી. આરોપીને પોતાનો બચાવ કરવાની તક પણ આપવામાં આવી ન હતી. તેથી કેસ ફરીથી ટ્રાયલ કોર્ટમાં મોકલવામાં આવી રહ્યો છે, જેથી આરોપીને પોતાનો બચાવ કરવાની યોગ્ય તક મળી શકે. સુપ્રીમ કોર્ટે એ પણ આદેશ આપ્યો છે કે,. ટ્રાયલ કોર્ટમાં ફરી સુનાવણી દરમિયાન આરોપીને પોતાનો કેસ રજૂ કરવા માટે વરિષ્ઠ વકીલ પ્રદાન કરવામાં આવે.

શું છે સમગ્ર મામલો ?:આ સમગ્ર ઘટના વર્ષ ૨૦૧૮ની છે. ટ્રાયલ કોર્ટે ૩ મહિનાની બાળકી પર બળાત્કાર અને હત્યાના આરોપીને ફાંસીની સજા સંભળાવી હતી. આ પછી મામલો હાઈકોર્ટમાં પહોંચ્યો હતો. જ્યાં હાઈકોર્ટે પણ ટ્રાયલ કોર્ટના નિર્ણયને યથાવત રાખ્યો હતો. આ પછી આ નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવ્યો હતો. તમને જણાવી દઈએ કે, ટ્રાયલ કોર્ટે આરોપીને દોષિત જાહેર કર્યો હતો અને માત્ર ૧૫ દિવસમાં સજા સંભળાવી હતી. એક રિપોર્ટ અનુસાર સુપ્રીમ કોર્ટમાં સુનાવણી દરમિયાન તે પ્રકાશમાં આવ્યું હતું કે, આ ઘટના ૨૦ એપ્રિલ, ૨૦૧૮ના રોજ બની હતી અને પોલીસે આ કેસમાં એક અઠવાડિયાની અંદર ચાર્જશીટ પણ દાખલ કરી હતી. આ પછી

અનુ પાના નં.૨ પર

**સુપ્રીમ કોર્ટ ભડકયુ: આરોપીને ઉતાવળમાં દોષિત ઠેરવવામાં આવ્યો: આરોપીની ફાંસીની સજા રદ: સુપ્રીમ કોર્ટ**

ભાઈ-બહેનના પવિત્ર સંબંધને કાળી ટીલી

## બ્લેક મેઈલ કરીને ૨૦ વર્ષ સુધી શરીરસુખ માણતો નરાધમ ભાઈ

રાણીપ પોલીસની કસ્ટડીમાં રહેલા આરોપીનું કૃત્ય એટલું જગન્ય છે કે, એ હવે સમાજમાં કોઈને મોઢું બતાવવા લાયક રહ્યો નથી. બળાત્કારી ભાઈ એ અન્ય કોઈ સાથે નહીં પરંતુ પોતાની સગી બહેન સાથે જ છેલ્લા ૨૦ વર્ષથી શારીરિક સંબંધો બાંધ્યા હતા. ફરિયાદીએ આક્ષેપ કર્યો છે કે, વર્ષ ૨૦૦૪ થી જુલાઈ ૨૦૨૩ સુધી સગા ભાઈએ બહેનની મરજી વિરુદ્ધ શારીરિક સંબંધ બાંધી બળાત્કાર ગુજાર્યો હતો.

વર્ષ ૨૦૦૪ માં જ્યારે ફરિયાદી અમદાવાદમાં રહી અભ્યાસ કરતી હતી. તે સમયે પિતા નો ડર બતાવી પહેલી વખત બળાત્કાર ગુજાર્યો હતો. ત્યારબાદ તેની અંગત વાતો પરિવારને જણાવી દેવાની ધમકી આપી બળાત્કારી ભાઈ એ વારંવાર તેની સાથે દુષ્કર્મ ગુજાર્યું હતું. જે અંગે ફરિયાદ નોંધાતા પોલીસે આરોપીની ધરપકડ કરી છે.

ફરિયાદી એ નોંધાવેલી ફરિયાદ પર નજર કરીએ તો, ૨૦૦૪ માં ફરિયાદી ધોરણ આઠમાં અભ્યાસ કરતી હતી અને આરોપી ધોરણ ૧૨ માં અભ્યાસ કરતો હતો. તે સમયે ફરિયાદી ને અભ્યાસ બાબતે ધમકાવી પહેલી વખત દુષ્કર્મ ગુજાર્યું હતું. જોકે બળાત્કારી ભાઈની ધરપકડ કરી પૂછપરછ કરતા તેનું કહેવું છે કે, વર્ષ ૨૦૧૦-૧૨ માં તેની બહેનના અન્ય યુવક સાથે સંબંધ હતા અને તે વાત ઘરમાં ન કહેવા માટે ફરિયાદી એ જ તેની સાથે સમાધાન કર્યું હતું. જોકે આ મામલે હજુ પોલીસ તપાસ કરી રહી છે. તો બીજી તરફ આરોપી ભાઈ એ ફરિયાદીને આપેલા ૨૪ હજાર રૂપિયા પરત માંગતા આ ફરિયાદ કરવામાં આવ્યું

અનુ પાના નં.૨ પર

## ૪૩ વર્ષીય વિકલાંગે ૨૦ વર્ષીય યુવતી ઉપર હોટલમાં ગુજાર્યો બળાત્કાર..!

**વિડીયો પણ વાયરલ કરવાની પણ ધમકી આપતો હતો: પોલીસ ફરિયાદ**

અમદાવાદના પૂર્વ વિસ્તાર ખોખરામાં એક બળાત્કારનો કિસ્સો સામે આવ્યો છે. જોકે સમગ્ર કિસ્સો સાંભળીને પોલીસ પણ ચોંકી ઉઠી હતી. એક ૪૫ વર્ષીય દિવ્યાંગ વ્યકિત એ ૨૦ વર્ષની પરિણીત યુવતી પર બળાત્કાર ગુજાર્યો હોવાની ઘટના સામે આવતા પોલીસે પણ તપાસ હાથ ધરી હતી. યુવતીએ ફરિયાદ નોંધાવી હતી કે આરોપી દિવ્યાંગ વ્યક્તિ પાસે બે રીક્ષાઓ હતી, જેમાંથી એક રીક્ષા તે પોતે ચલાવતો હતો અને અન્ય એક રીક્ષા પોતાના પતિને દરરોજના ભાડા પેટે આપી હતી. જેથી બંને એકબીજાના પરિચયમાં હતા. એક દિવસ આ દિવ્યાંગ વ્યકિત અચાનક પરિણીત યુવતી એકલી હતી તે દરમિયાન તેના ઘરે પહોંચ્યો અને તેની જૂની મેટરમાં વકીલને મળવા જવાનું કહીને યુવતીને એરપોર્ટ પાસેની કોઈ હોટલમાં લઈ ગયો હતો, જ્યાં તેના પર બળાત્કાર ગુજાર્યો હતો.

આરોપી દિવ્યાંગ વ્યકિત એ પોતાની રીક્ષા ફરિયાદી યુવતીના પતિને ભાડે આપી હતી અને ભાડા પેટે દરરોજના ૨૫૦ રૂપિયા નક્કી કર્યા હતા, પરંતુ યુવતીનો પતિ દરરોજ ભાડું ચૂકવી શકતો ન હોવાથી રૂપિયા દેવા ના ખૂબ વધી ગયા હતા. છેલ્લે દરરોજના ૬૦૦ રૂપિયા આપવાનું પણ નક્કી થયું હતું અને તેને લઈને બંને વચ્ચે અનેક વખત તકરાર પણ થતી હતી. જોકે આ દિવ્યાંગ વ્યક્તિ એ જે રીક્ષા ભાડે આપી હતી તેમાં જીપીએસ પણ લગાવેલું હતું અને એક દિવસ તે જીપીએસ દ્વારા યુવતી નો પતિ ઘર થી બહાર હોવાનું જોઈ અને યુવતીના ઘરે પહોંચી તેને બહાર લઈ ગયો હતો.

જો કે એક વખત બળાત્કાર ગુજાર્યા બાદ આ દિવ્યાંગ વ્યક્તિ યુવતી પાસે અનેક વખત શારીરિક સંબંધ બાંધવા દબાણ કરતો હતો અને જો તે સંબંધ નહીં રાખે તો તેમના પહેલી વખત ઉતરેલા વિડીયો પણ વાયરલ કરવાની પણ ધમકી આપતો હતો. તેને લઈને યુવતી એ આખરે સમગ્ર મામલે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

એફબીઆઈની ફરિયાદને આધારે સીબીઆઈની મોટી કાર્યવાહી..

## અમદાવાદના વ્યક્તિ પાસેથી ૭.૭ કરોડથી વધુની ક્રિપ્ટોકરન્સી જપ્ત

**આરોપીના ક્રિપ્ટો વોલેટમાંથી ૯,૩૯,૦૦૦ યુએસ ડોલરની કિંમતની ક્રિપ્ટોકરન્સી જેવી કે બિટકોઇન, ઇથેરિયમ, રિપલ, યુએસડીટી વગેરે ક્રિપ્ટોકરન્સી અને વાંધાજનક સામગ્રી મળી**

સેન્ટ્રલ બ્યુરો ઑફ ઇન્વેસ્ટિગેશન (CBI) એ અમદાવાદના એક વ્યક્તિ પાસેથી ૯,૩૦,૦૦૦ યુએસ ડોલર એટલે કે આશરે રૂ. ૭.૭ કરોડથી વધુની ક્રિપ્ટોકરન્સી જપ્ત કરી છે. આ વ્યકિત પર પોતાને એક મલ્ટિનેશનલ કંપનીના ફ્રોડ વિભાગના વરિષ્ઠ એક્ઝિક્યુટિવ તરીકે દર્શાવીને એક અમેરિકન નાગરિક સાથે છેતરપિંડી કરવાનો આરોપ છે.

જાણવા મળી રહ્યું છે કે અમેરિકાના ફેડરલ બ્યુરો ઑફ ઇન્વેસ્ટિગેશન (FBI)ના ઇનપુટના આધારે ઈઈઈએ રામાવત શૈશવ વિરુદ્ધ FIR દાખલ કરી છે. શૈશવે એક અમેરિકન નાગરિકને ફોન કરીને પોતાને એમેઝોનના ફ્રોડ વિભાગના અધિકારી જેમ્સ કાર્લસન તરીકે પરિચય આપ્યો હતો. અમેરિકી એજન્સી પાસેથી માહિતી મળતાં, અમદાવાદમાં આરોપીઓના ઘર સહિતના સંકુલો પર સર્ચ ઓપરેશન હાથ ધરવામાં

અનુ પાના નં.૨ પર

## કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ફરી આવશે ગુજરાત

કેન્દ્રીય ગૃહમંત્રી ફરી એક વખત ગુજરાત મુલાકાતે આવી રહ્યા છે. તા. ૨૪ ઓક્ટોબરે અમિત શાહ ઈફ્કો દ્વારા ગુજરાતમાં તૈયાર કરવામાં આવેલ નેનો ડેપ લિક્વિડ પ્લાન્ટનું લોકાર્પણ કરશે. ત્યારે આ લોકાર્પણ કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયા પણ ઉપસ્થિત રહેવાનું જાણવા મળી રહ્યું છે.



તા. ૨૬ ના રોજ કેન્દ્રીય ગૃહમંત્રી ગુજરાત મુલાકાતે હતા. તે દરમ્યાન અમિત શાહની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે મંત્રી નિવાસમાં ભાજપનાં ટોચનાં નેતાઓની બેઠક મળી હતી. ગત રોજ સોમવારે મોડી રાત્રે મળેલી આ બેઠક ૫ કલાકથી વધુ સમય ચાલી હતી. આ

અનુ પાના નં.૨ પર

**ઈફ્કો દ્વારા તૈયાર કરાયેલ નેને ડેપ લિક્વિડ પ્લાન્ટનું કરશે લોકાર્પણ: લોકાર્પણ કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયા પણ રહેશે ઉપસ્થિત**

## રાજસ્થાન ચૂંટણી: ભાજપ, કોંગ્રેસના ઉમેદવારોની યાદી જાહેર

રાજસ્થાન વિદાનસભાની ચૂંટણી માટે કોંગ્રેસ અને ભાજપે ઉમેદવારોની યાદી જાહેર કરી દીધી છે. કોંગ્રેસે સરદારપુરાથી મુખ્ય પ્રધાન અશોક ગેહલોત અને ટોંકથી સચિન પાઈલટ અને નાથવાડાથી વિધાનસભાના અધ્યક્ષ સીપી જોશીને ટિકિટ આપી છે જયારે ભાજપે વસુંધરા રાજેને ઝલરાપાટનથી



ઉમેદવાર બનાવ્યાં છે.

રાજસ્થાન વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસે ૩૩ ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી છે. આ યાદીમાં આ સિવાય ગોવિંદ સિંહ દોતાસરા લછમનગઢથી અને મુકેશ ભાકર લડનુનથી ચૂંટણી લડશે. કોંગ્રેસે પોતાની પ્રથમ યાદીમાં પાંચ મંત્રીઓને સ્થાન આપ્યું છે, જયારે બે ધારાસભ્યોની ટિકિટ રદ કરી છે. ચિત્તોડથી ચંદ્રભાન સિંહ અને સાંગાનેરથી અશોક લાહૌતીની ટિકિટ રદ કરવામાં આવી છે. આ સિવાય સંતોષ અહલાવતને સૂરજગઢથી ટિકિટ આપવામાં આવી છે.

૨૦૦ વિધાનસભા સીટ માટે કોંગ્રેસે પહેલી યાદીમાં માત્ર ૩૩ ઉમેદવારો જ જાહેર કર્યા છે. આ નામોમાં ૩૨ નામ તો ગયા વખતના જ રિપીટ કરવામાં આવ્યા છે.

ભાજપે પણ ૮૩

અનુ પાના નં.૨ પર

## ભાજપે મધ્યપ્રદેશમાં ૫મી યાદી જાહેર કરી, ૯૨ ઉમેદવારોના નામ જાહેર કર્યા

ભાજપે મધ્યપ્રદેશમાં તેની પાંચમી યાદી બહાર પાડી છે. પાર્ટીએ આમાં ૯૨ ઉમેદવારોના નામની જાહેરાત કરી છે. આ પહેલા ભાજપે મધ્યપ્રદેશમાં છેલ્લી ચાર યાદીઓમાં ૧૩૬ ઉમેદવારોના નામ જાહેર કર્યા હતા. બાકીના ૯૪ નામોમાંથી પાર્ટીએ ૯૨ નામોની જાહેરાત કરી છે. ભાજપે પોતાની યાદીમાં ઘણા આશ્ચર્યજનક નામોની જાહેરાત કરી છે. શિવપુરી વિધાનસભા બેઠક પરથી ભાજપે યશોધરા રાજે સિંધિયાની ટિકિટ રદ કરીને દેવેન્દ્ર જૈનને ઉમેદવાર બનાવ્યા છે. જોકે, યશોધરાએ ઉંમર અને સ્વાસ્થ્યને ટાંકીને પહેલા જ સ્પષ્ટ કરી દીધું હતું કે તે આ વખતે ચૂંટણી નહીં લડે. આ પછી એવી અટકળો લગાવવામાં આવી રહી હતી કે કેન્દ્રીય મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાને અહીંથી ટિકિટ આપવામાં આવશે, પરંતુ ભાજપની યાદીએ આ અટકળોને ખતમ

અનુ પાના નં.૨ પર

## કેનેડિયન રાજદ્વારીઓને પાછા મોકલવા પર બ્રિટને અસંમતિ વ્યક્ત કરી

એક શીખ અલગતાવાદીની હત્યાને લઈને ભારત અને કેનેડા વચ્ચે ચાલી રહેલા મડાગાંઠને ધ્યાનમાં રાખીને, કેનેડિયન રાજદ્વારીઓએ નવી દિલ્હી છોડવી પડી છે. આ દરમિયાન બ્રિટને કેનેડિયન રાજદ્વારીઓને પરત મોકલવાના ભારત સરકારના નિર્ણય પર અસહમતિ વ્યક્ત



કરી છે. બ્રિટનના ફોરેન, કોમનવેલ્થ એન્ડ ડેવલપમેન્ટ ઓફિસે શુક્રવારે (૨૦ ઓક્ટોબર) એક નિવેદનમાં જણાવ્યું હતું કે આ પગલાથી રાજદ્વારી સંબંધો પર વિયેના કન્વેન્શનના અસરકારક અમલીકરણને અસર થઈ છે. મતભેદોને ઉકેલવા માટે સંબંધિત રાજધાનીઓમાં

અનુ પાના નં.૨ પર

## ત્રીજા દિવસે પણ રાજ્યમાં ગેરકાયદેસર સ્પા સેન્ટર પર પોલીસનું ચેકીંગ

હોટલ અને સ્પા સેન્ટરની આડમાં ચાલતી દેત વ્યાપારની પ્રવૃતિઓને બંધ કરાવવા ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીની સૂચનાથી પોલીસ દ્વારા સ્પેશ્યલ ડ્રાઈવ શરૂ કરવામાં આવી છે. ત્યારે છેલ્લા ત્રણ દિવસથી પોલીસે ૨ હજાર સ્પા સેન્ટરો તેમજ હોટલોમાં દરોડા પાડ્યા છે. આ મામલે પોલીસ દ્વારા ત્રણ દિવસમાં ૨૭૯ આરોપીઓ સામે ગુનો દાખલ કર્યો છે. જ્યારે ૨૦૪ લોકો સામે એફઆઈઆર નોંધવામાં આવી છે. તેમજ પોલીસ દ્વારા ૧૮૩ આરોપીઓની ધરપકડ કરી છે.

ગત રોજ રાજકોટ શહેર પોલીસ દ્વારા ૫૦ થી વધુ સ્પા સેન્ટરોમાં દરોડા પાડ્યા હતા. જેમાંથી ૧૩ સ્પા સંચાલકો સામે જાહેરનામાં ભંગની ફરિયાદ નોંધાઈ હતી. જ્યારે નાગાલેન્ડ, અમદાવાદ, દિલ્હી, પશ્ચિમ બંગાળથી સ્પામાં થેરાપીસ્ટનું કામ કરવા આવેલ યુવતીઓ મળી આવી હતી. ત્યારે સ્પા સંચાલક દ્વારા રજીસ્ટ્રેશન કરાવ્યું નહી હોઈ તેની સામે પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી.

ગઈકાલે સુરત શહેરમાં પણ સ્પા સેન્ટરો પર પોલીસે દરોડા પાડ્યા હતા. સુરતમાં એક જ દિવસમાં ૫૦ થી વધુ કેસ તેમજ ૩૫ લોકોની ધરપકડ કરવામાં આવી છે.

અનુ પાના નં.૨ પર

**ત્રણ દિવસમાં બે હજારથી વધુ સ્પા -હોટલોમાં દરોડા: ૨૦૪ લોકો સામે FIR નોંધી કાયદેસરની કાર્યવાહી**

# શહેરમાં પૉલીસ સ્મૃતિ દિન નિમિત્તે પરેડઃ શહીદોને અંજલિ






તસવીરઃ જીતુ સોલંકી

ગઈકાલે ૨૧ મી ઓક્ટોબરના જામનગરના પોલીસ હેડ ક્વાટર ખાતે પોલીસ સ્મૃતિ દિવસ નિમિત્તે પરેડનું આયોજન કરવામાં આવેલ હતું. રાષ્ટ્રની આંતરિક સુરક્ષાની ફરજ બજાવવામાં પોતાનું જીવન સમર્પિત કરનારા તમામ શહીદ બહાદુર પોલીસ કર્મીઓને જિલ્લાના પોલીસ અધિકારીઓ તેમજ કર્મચારીઓ દ્વારા હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પિત કરવામાં આવેલ હતી. હેડ કવાર્ટર ખાતે પરેડનું આયોજન કરાયા બાદ શહેર ડીવાયએસપી જયવીરસિંહ ઝાલા, ગ્રામ્ય ડીવાયએસપી વાઘેલા, એડમન્ડ ડીવાયએસપી એમ.બી. સોલંકી તથા સીટી-એ,બી,સી, એલસીબી, એસઓજી, ટ્રાફિક શાખાના પીઆઇ, પીએસઆઇ અને પોલીસ સ્ટાફ હાજર રહી શ્રધ્ધાસુમન અર્પણ કરવામાં આવ્યા હતા.

## મોખાણાના યુવકને જંતુ નાશક દવાની અસર થતાં મોત

જામનગર તાલુકાના મોખાણા ગામમાં ખેતી કામ કરતી વેળાએ જંતુનાશક દવાની અસર થતા એક યુવાનનું મૃત્યુ થયું છે.

જામનગર નજીક મોખાણા ગામમાં રહેતા અલ્પેશ રામજીભાઈ પાટડીયા (ઉ.વ.૨૮) નામના યુવાન ગત તા. ૧૮ના રોજ મોખાણા વાડી વિસ્તારમાં ખેતીકામ કરતા હતા ત્યારે દવા શ્વાસમાં ચડી જતા તેમનું મૃત્યુ નિપજયુ હતું, આ બનાવ અંગે અનિલ રામજીભાઈ પાટડીયા દ્વારા પંચ-બીમાં જાણ કરવામાં આવી હતી. યુવાનને દવાની વિપરીત અસર થવાથી મૃત્યુ નિપજયાનો બનાવ સામે આવતા પરિવારમાં શોકની લાગણી ફેલાઈ ગઈ હતી, જાહેર થયેલી વિગતોના આધારે પોલીસ દ્વારા નિવેદન નોંધી કાર્યવાહી આગળ ધપાવી હતી.

## કલ્યાણપુરના પટેલકામાં વૃદ્ધ ઉપર કુટુંબીજનોએ જ કર્યો હુમલો

### જમીન નામે કરી દેવાનું કહી ધમકી આપતાં લાકડી ફટકારીઃ ફરિયાદ નોંધાઈ

કલ્યાણપુર તાલુકાના પટેલકા ગામે રહેતા રામાભાઈ કાનાભાઈ કરંગીયા નામના ૬૫ વર્ષના આહિર વૃદ્ધના પત્ની રાજીબેનના નામની ૧૦ વીઘા જમીન હોય, આ જમીન આ જ વિસ્તારમાં રહેતા વીરા કરણા કરંગીયા, કરણા કાના કરંગીયા, દેવા નાથા કરંગીયા અને દેવાત નાથા કરંગીયા નામના શખ્સો વાવેતર કરતા હતા. ત્યારે આરોપીઓ દ્વારા આ જમીન પોતાના નામે કરી આપવાનું કહી અને ફરિયાદી રામાભાઈ કરંગીયાને બિભત્સ ગાળો કાઢી, લાકડી વડે માર મારીને ફ્રેક્ચર સહિતની ઈજાઓ કરવા ઉપરાંત જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો બનાવ કલ્યાણપુર પોલીસ મથકમાં નોંધાયો છે. જે અંગે પોલીસે ચારેય કુટુંબી શખ્સો સામે આઈપીસી કલમ ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬ (૨), ૧૧૪ તથા જી.પી. એક્ટની કલમ હેઠળ ગુનો નોંધી, આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## સુરતમાં જ્ઞાન સહાયક ભરતી યોજનાના વિરોધમાં ધારાસભ્ય અનંત પટેલની હાજરીમાં જ કોંગ્રેસ દ્વારા ધરણા-પ્રદર્શન..!!





સુરતમાં સરકારની ''જ્ઞાન સહાયક ભરતી યોજના''ના વિરોધમાં કોંગ્રેસના ધરણા-પ્રદર્શન કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. જેમાં કોંગ્રેસના ધારાસભ્ય અનંત પટેલ હાજર રહ્યા હતાં. તેમણે કહ્યું કે, ૧૧ મહિનાના કરાર એ ગુલામી પ્રથા છે. લાયક ઉમેદવારોને આ રીતે નોકરી આપવી તેના માટે અમે તમામ જગ્યાએ વિરોધ કરી રહ્યાં છીએ. ઉગ્ર કાર્યક્રમ પણ કરીશું.કોંગ્રેસના ધરણા-પ્રદર્શનમાં શિક્ષકો પણ જોડાયા હતાં. સુરતના અઠવાલાઈન્સ સ્થિત વનિતા વિશ્રામ ખાતે ધરણા-પ્રદર્શનનો કાર્યક્રમ હાથમાં પ્લે કાર્ડ સાથે કોંગ્રેસની સાથે શિક્ષકોએ દેખાવ કર્યા હતાં. કરાર આધારિત શિક્ષકોની ભરતી રદ કરવા માંગ કરી હતી. ધરણાં-પ્રદર્શન કાર્યક્રમમાં શહેર-જિલ્લા કોંગ્રેસના અગ્રણીઓ પણ જોડાયા હતાં.સુરત શહેર-જીલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા ગુજરાતનાં ભાજપ સરકારની અન્યાયી ''જ્ઞાન સહાયક'' યોજના વિરુદ્ધ યુવા ધારાસભ્ય અનંતભાઈ પટેલનાં આગેવાનીમાં ''રેલી અને પ્રતીક ધરણાં'' નું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારે અનંતભાઈએ કહ્યું કે, સરકાર જો યોગ્ય નિર્ણય નહીં લે તો આગામી સમયમાં ઉગ્ર વિરોધ કરાશે.

## તંત્રી સ્થાનેથી..

### અનામતના હેતુ ભૂલાયા !

હાલમાં જ બિહારમાં જાતિગત ગણનાના આંકડા સામે આવતાં જ અનામત વધારવાની માંગો થઈ રહી છે. અનામતને લઈને આવી રહેલાં નિવેદનોથી એ જ લાગે છે કે હવે અનામતના ઉદ્દેશ્ય પર કોઈ વિવેક-વિચાર નથી રહ્યો. વર્ષો પહેલાં જ્યારે અનામતની જોગવાઈ અનુસૂચિત જાતિઓ-જનજાતિઓ માટે કરવામાં આવી હતી, ત્યારે આજ જેવી સ્થિતિ ન હતી. ત્યારે ન માત્ર અનામતનો ઉદ્દેશ્ય સ્પષ્ટ હતો, બલ્કે તેની અવધિ પણ સીમિત રાખવામાં આવી હતી. ડો.આંબેડકરે અનામતની વ્યવસ્થા માત્ર દસ વર્ષ માટે કરી હતી, કારણ કે તેઓ જલ્દી બધા માટે સમાન વ્યવસ્થા ઈચ્છતા હતા. કેટલાક ને સદાય માટે સ્થાયી વિશેષાધિકાર આપવાનો તેમનો ઉદ્દેશ્ય ન હતો, પરંતુ સાત દાયકા બાદ પણ મૂળ અનામત ચાલુ જ છે, બલ્કે નવા નવા સમૂહો અને જૂથોમાં અનામત વધતો ગયો છે. અનામતના પરિણામોનું કોઈ અધ્યયન, સર્વેક્ષણ આજ સુધી કોઈ સ્તર પર નથી કરવામાં આવ્યું. એનાથી પણ સ્પષ્ટ છે કે અનામતના મૂળ ઉદ્દેશ્યો ભૂલાવી દેવામાં આવ્યાં છે. આખો મામલો બદલીને સંસાધનો, પદો આંચકવાનો થઈ ગયો છે. આપણા નેતા અને નીતિકાર એ બખૂબી સમજી ચૂક્યા છે કે અનામત એવી નીતિ થઈ ગઈ છે, જેના ઘોષિત લ-ય મેળવવા અસંભવ દેખાય છે. એક મોટા નેતા 'કલા અને સંસ્કૃતિ'માં પણ અનામતની ઈચ્છા વ્યક્ત કરી ચૂક્યા છે! આગળ રમત-ગમત, સિનેમા વગેરેમાં પણ અનામતની માંગ થઈ શકે છે. ત્યારે જેવા ખેલાડી, સંગીતકાર, પટકથા લેખક વગેરે બનશે, હાલમાં એવા જ હજારો વિધાયક, પ્રોફેસર, શૈક્ષણિક સંસ્થા પ્રમુખ વગેરે બનેલા છે. આ દુર્દશા દેખાતી એટલા માટે નથી , કારણ કે રાજકીય વર્ગે વાસ્તવિક કામ અને ગુણવત્તાની ચિંતા જ છોડી દીધી છે. તેમનું તમામ ધ્યાન મુખ્યત્વે પક્ષીય પ્રતિસ્પર્ધા અને સત્તા પર રહે છે.

## નગરના બંગાળીઓ દ્વારા દૂર્ગાપૂજાની ધૂમ



તસવીરઃ જીતુ સોલંકી

નવરાત્રિના તહેવારોમાં દેશમાંથી કોલકતા એટલે પશ્ચિમ બંગાળમાં દુર્ગાપુજા અનેરી ધાર્મિક શ્રધ્ધા સાથે ઉજવવામાં આવે છે, જામનગરમાં પણ રહેતા બંગાળી સમુદાય દ્વારા દર વર્ષે ચાંદીબજાર ખાતે માં દુર્ગાનું પૂજા અર્ચન કરવામાં આવે છે, જેમાં બહોળી સંખ્યામાં બંગાળી સુમદાયના પરિવારજનો ઉપસ્થિત રહી સાતમની રાત્રે દુર્ગાપૂજા કરી ધન્યતા અનુભવે છે.

## જામનગરના મકાનમાં આગ ભભૂકી ઉઠી...

જામનગરના ગુરૂદ્વારા ચોકડી પાસે આવેલ મંગલબાગ શેરી નં. ૧માં રહેતા કરણભાઇ પરસોડાના મકાનમાં શોટ સરકીટના કારણે વાયરીંગમાં આગ લાગી હતી, જે અંગેની જાણ થતા ફાયર બ્રિગેડની ટીમ સ્થળ પર દોડી જઇ આગને કાબુમાં લીધી હતી, આગના કારણે અંદાજે ૨૦ હજારનું નુકશાન થયાનું જાણવા મળ્યું છે.

## અખબારી જગત સાથે વર્ષોથી સંકળાયેલા પીઢ એજન્ટનું અવસાન



હાલાર જ નહીં પરંતુ સમગ્ર ગુજરાતના જૂની પેઢીના એજન્ટમાં જેમની ગણતરી થાય છે તેવા સ્વ.આણંદલાલ બેચરભાઈ જોઈશર પેઢીના (એ.બી. જોઈશર) નરોતમભાઈ આણંદલાલ જોઈશર (ઉ.વ.૮૨)નું તા.૨૦-૧૦-૨૦૨૩ શુક્રવારના રોજ દુઃખદ અવસાન થયેલ હતું, આઝાદી પહેલાથી જ અખબારી એજન્ટ તરીકે પેઢી શરૂ કરનાર સ્વ.આણંદલાલ જોઈશરના પુત્ર એવા નરોતમભાઈ જોઈશર નાનપણથી જ પિતાજીની પેઢી સાથે જોડાયેલા અને જીવન પર્યત સંઘર્ષ કરેલ. તમામ અખબારોના માલિકો સાથે ઘરોબો ધરાવતા હતાં. સદ્દગતનું ઉઠમણું આજ તા. ૨૨/૧૦/૨૦૨૩ ને રવિવારે સાંજે ૫.૩૦ થી ૬ ભાઈઓ તથા બહેનો માટે વેજુમાની વાડી, પવનચક્કી પાસે, જામનગર ખાતે રાખેલ છે.

## અનુસંધાન

### જામનગરનું કનેકશન

(પાના નં. ૪ થી આગળ)

એજન્સીઓના વ્યકિત સાથે સંપર્ક કરીને તેને વોટસએપ પર મેસેજ દ્વારા રીમોટ એકસેસ ટોરઝન માટેનો વાયરસ મોકલીને મોબાઈલ હેક કરીને જાસુસી કરવામાં આવતી હતી.

અત્યાર સુધીમાં વોટસએપ પરથી ફોટો, વિડીયો, સ્ટૉરેજ ડેટા, સંપર્ક નંબર જેવી વિગતો મેળવવામાં આવી હોવાનું સામે આવ્યું છે, આ અંગેની તપાસમાં પાકિસ્તાની જાસુસી સંસ્થા દ્વારા ભારતકરવામાં આવતી જાસુસીની અનેક ચોંકાવનારી વિગતો બહાર આવી શકે તેવી શકયતા વ્યકત કરવામાં આવી છે. હાલ આ પ્રકરણમાં જુદી જુદી ટુકડીઓ દ્વારા તપાસને લંબાવવામાં આવી છે, એવી પણ વિગત જાણવા મળી છે કે જામનગર વિસ્તારનો શખ્સ હાલ દુબઇ હોવાનું બહાર આવતા આથી આ દિશામાં પણ ચક્રો ગતીમાન કરવામાં આવ્યા છે.

### શ્રી ખોડલધામ

(પાના નં. ૪ થી આગળ)

મેળવનાર ગાયક કલાકારો રાસ-ગરબાની રમઝટ બોલાવી ખેલૈયાઓને ગરબે રમાડશે. ખોડલધામ નવરાત્રી મહોત્સવ જામનગર દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ભવ્યાતીભવ્ય નવરાત્રી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે જે ન્યુ કાલિન્દી વર્લ્ડ સ્કૂલ સેટેલાઈટ પાર્ક જામનગર ખાતે આયોજિત નવરાત્રી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ઓમ મ્યુઝિકલ ઈવેન્ટ જીતુ પુરી બાપુ સાથે સિંગર કિરણ મકવાણા, વૈશાલી આહીર, ધવલ બારોટ જોડાશે અને રાસ ગરબાની રમઝટ બોલાવશે શ્રી ખોડલધામ સમિતિ જામનગર આયોજિત નવરાત્રી મહોત્સવ ચાલી રહયો છે.

### 'પાસા'

(પાના નં. ૪ થી આગળ)

સમાજમાં બદનામ, અપમાન થાય, બદનક્ષી થાય તેવી પોસ્ટની કથનો લખી તેમજ અલગ અલગ ફોટાઓ એડીટ કરી અશોભનીય પોસ્ટ કરી, તેમજ ફેસબુક ઉપર ફેક આઈડીનો ઉપયોગ કરી અપમાન કરી તેમજ માણસો પાસેથી માલ સામાનની ખરીદી કરી અને માણસોને કામે રાખી મજુરના પગારના પૈસા ચુકવી આપવાનો ભરોસો આપી પૈસા નહી ચુકવી માણસો સાથે ચીટીંગ કરી તથા જાનથી મારી નાખવાની ધમકીઓ આપવા જેવી ગુનાહીત અસામાજીક પ્રવૃતી ચલાવતા હોવા અંગેના ગુના આચરેલ છે.

### બે નંબરનું સિગ્નલ

(પાના નં. ૪ થી આગળ)

લાલપુર, ધ્રોલ, જોડીયા, કલ્યાણપુર સહિતના ગામોમાં પણ ઠંડી-ગરમીની સિઝન ચાલું રહી હતી. આમ, નવરાત્રીમાં પણ ઠંડી-ગરમીનો માહોલ ચાલું રહ્યો હતો.

### રમ્યા રાત 'આખી'

(પાના નં. ૩ થી આગળ)

કરીને વિદ્યાર્થીઓ નવરાત્રી મહોત્સવ માં જોડાયા હતા, અને ગરબા રમીને માતાજીના ગુણગાન ગાયા હતા. ઉપરાંત કેટલાક ટીવી કલાકારના પાત્ર સહિતની વેશભૂષા ધારણ કરીને પણ તબીબી વિદ્યાર્થીઓ ગરબે રમ્યા હતા. અને કેટલીક મહિલા તબીબોએ એકસરખા પહેરવેશ માં જોગણી ના રૂપ માં સજજ થઈને પણ રાસ ની રમઝટ બોલાવી હતી, અને સમગ્ર યુનિવર્સિટીમાં ગરબા મય વાતાવરણ બન્યું હતું.

### કૃષિમંત્રી

(પાના નં. ૩ થી આગળ)

યોજનાઓના જામનગર તાલુકાના કુલ ૮ ખેડૂત લાભાર્થીઓને મંચસ્થ મહાનુભાવોના હસ્તે પેમેન્ટ ઓર્ડર અર્પણ કરવામાં આવ્યા હતા. જેમાં હાર્વેસ્ટિંગ મશીન, રોટાવેટરની સહાય, પંપસેટ અને ફડ સિક્યોરિટી કીટના આર્થિક સહાયના ઓર્ડરે કેબીનેટ મંત્રી અને સાંસદના હસ્તે અર્પણ કરવામાં આવ્યા હતા.

જામનગર તાલુકા વહીવટી તંત્ર દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના માર્ગદર્શન હેઠળ આઈ.સી.ડી.એસ. વિભાગ, પશુપાલન વિભાગ, ટપાલ વિભાગ, આત્મા પ્રોજેક્ટ વિભાગ, ખેતીવાડી શાખા અને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા માહિતી દર્શાવતા સ્ટોલ્સ લગાવવામાં આવ્યા હતા. જેનો બહોળી સંખ્યામાં ખેડૂત મિત્રોએ લાભ લીધો હતો. આ સ્ટોલમાં મીલેટસ ધાન્યો, મીલેટસથી બનેલી વિવિધ પ્રકારની વાનગીઓ, કૃષિલક્ષી માહિતી દર્શાવતા પેમ્ફ્લેટસ, બિયારણો, ઓજારો, ખાતર અને આરોગ્યલક્ષી સાહિત્યનું લાભાર્થીઓને અને ખેડૂત મિત્રોને વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મંચસ્થ મહેમાનોનું મીલેટ્સ કીટ આપીને સ્વાગત કરવાનો નવતર પ્રયોગ શરુ કરાયો છે. કાર્યક્રમનું સંચાલન આત્મા પ્રોજેક્ટ કચેરી અને હરીદ્વિ ગઢવી દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે આભારવિધિ નાયબ ખેતી નિયામક તાલીમ બી.એમ.આગઠ દ્વારા કરવામાં આવી હતી.

કાર્યક્રમમાં, મેયર વિનોદભાઈ ખીમસુરીયા, જિલ્લા પંચાયત પ્રમુખ મેયબેન ગરસર, જિલ્લા પંચાયત ઉપપ્રમુખ હસમુખભાઈ કણજારીયા, તાલુકા પંચાયત પ્રમુખ સંગીતાબેન દુધાગરા, તાલુકા પંચાયત ઉપપ્રમુખ કેશુભાઈ લૈયા, જામનગર માર્કેટિંગ યાર્ડ ચેરમેન પ્રવિણસિંહ ઝાલા, જામનગર માર્કેટિંગ યાર્ડ ઉપ ચેરમેન જમનભાઈ ભંડેરી, જિલ્લા ખેતીવાડી અધિકારી ગોહિલ, જામનગર ગ્રામ્ય મામલતદાર તન્વીબેન ત્રિવેદી, જામનગર તાલુકાની સહકારી મંડળીઓના સદસ્યઓ, આજુબાજુના ગામોમાંથી આવેલા ખેડૂતો તેમજ બહોળી સંખ્યામાં આગેવાનઓ અને નગરજનો હાજર રહ્યા હતા.

### હૃદયરોગના હુમલા

(પાના નં. ૩ થી આગળ)

પાસે એક મંદિર નજીક ભિક્ષાવૃત્તિ દરમિયાન હૃદયરોગનો હુમલો આવી જતા તેમનું મૃત્યુ નિપજ્યું હોવાની જ્યાં મૃતકના પત્ની મનુબેનએ દ્વારકા પોલીસને કરી છે.

### રાજકોટમાં અલ્કાપુરી

(પાના નં. ૩ થી આગળ)

ઘરમાં ચાલ્યો ગયો હતો અને ડેલી બંધ કરી દીધી હતી. બાદમાં આ બાબતે ૧૦૦ નંબરમાં ફોન કરતા પોલીસ પણ અહીં આવી ગઈ હતી. ત્યારબાદ પ્રાથમિક સારવાર લઈ પરિણીતા આ અંગે ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપીઓ સામે રાયોટ, મારામારી સહિતની કલમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

### નરાધમ ભાઈ

(પાના નં. ૧ થી આગળ)

હોવાનું પોલીસ માની રહી છે. નડિયાદ ટાઉન પોલીસ મથકે ફરિયાદી એ આ ફરિયાદ નોંધાવી હતી. જોકે બનાવ ની શરૂઆત રાણીપ વિસ્તારથી થતી હોવાથી ફરિયાદ અમદાવાદ ટ્રાન્સફર કરવામાં આવી છે. જે ફરિયાદ અનુસંધાને પોલીસે ફાર્મા કંપનીમાં કામ કરતા આરોપી ભાઈ ની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. તો બીજી તરફ ભાઈ બહેન એકબીજા પર કરી રહેલા આક્ષેપોને લઈને પણ પોલીસ વધુ તપાસ કરશે. જેથી કરી ગુનાની હકીકત સામે આવી શકે.

### બાળકી સાથે રેપ

(પાના નં. ૧ થી આગળ)

૨૭ એપ્રિલ ૨૦૧૮ ના રોજ સુનાવણી શરૂ થઈ અને ૧૨ મેના રોજ આરોપીને દોષી ઠેરવવામાં આવ્યો અને તેને મળત્યુદંડની સજા આપવામાં આવી. સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે એવો અભિપ્રાય પણ વ્યક્ત કર્યો હતો કે, કોર્ટ સમક્ષ રજૂ કરાયેલા દસ્તાવેજો પરથી એવું લાગતું નથી કે, આરોપીના વકીલને તેના બચાવ માટે પૂરતા દસ્તાવેજો પૂરા પાડવામાં આવ્યા હતા કે નહીં.

### ક્રિપ્ટોકરન્સી જપ્ત

(પાના નં. ૧ થી આગળ)

આવ્યું હતું, જેના પરિણામે આરોપીના ક્રિપ્ટો વોલેટમાંથી ૯,૩૯,૦૦૦ યુએસ ડોલરની કિંમતની ક્રિપ્ટોકરન્સી જેવી કે બિટકોઈન, ઈથેરિયમ, રિપલ, યુએસડીટી વગેરે ક્રિપ્ટોકરન્સી અને વાંધાજનક સામગ્રી મળી આવી હતી જેને જપ્ત કરવામાં આવી હતી.

### કેન્દ્રીય ગૃહમંત્રી

(પાના નં. ૧ થી આગળ)

બેઠકમાં અમિત શાહ, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, સી.આર.પાટીલ, ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવી પણ બેઠકમાં હાજર રહ્યા હતા.

તા. ૨૬ ને સોમવારે મોડી રાત્રે યોજાયેલ બેઠક બાદ હવે આગામી સમયમાં સંગઠનમાં મોટા પાયે ફેરફાર થવાની શક્યતાઓ છે. ત્યારે તા. ૧૩ ઓક્ટોમ્બરે મુખ્યમંત્રી અને પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ બંને દિલ્હી ગયા હતા. ત્યાં મોવડી મંડળ સાથે બેઠક યોજી હતી. બેઠક યોજાયાનાં ૪૮ કલાક બાદ પણ ગુજરાતમાં વધુ એક બેઠક યોજાતા લોકમુખે એવું સાંભળવા મળ્યું હતું કે આગામી સમયમાં મોટા પાયે ભાજપમાં ફેરફારની શક્યતાઓ છે.

### રાજસ્થાન ચૂંટણી

(પાના નં. ૧ થી આગળ)

ઉમેદવારોની બીજી યાદી જાહેર કરી હતી. જેમાં ભૂતપૂર્વ મુખ્ય મંત્રી વસુંધરા રાજેને પણ ટિકિટ આપી છે. ભાજપે પ્રથમ યાદીમાં ૧૦ મહિલાઓ, ૧૫ અનુસૂચિત જનજાતિ અને ૧૦ અનુસૂચિત જાતિના ઉમેદવારોને ટિકિટ આપી હતી. પાર્ટીએ તાજેતરમાં જ ભાજપમાં જોડાયેલા જ્યોતિ મિર્ધાને પણ ટિકિટ આપી છે. મિર્ધાને નાગૌરથી ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. પાર્ટીએ નાથદ્વારાથી વિશ્વરાજ સિંહ મેવાડને ટિકિટ આપી છે.

### ભાજપે મધ્યપ્રદેશ

(પાના નં. ૧ થી આગળ)

કરી દીધી છે. શિવપુરીથી ભાજપે જ્યોતિરાદિત્ય સિંધિયાને ટિકિટ ન આપીને દેવેન્દ્ર જૈનને પોતાના ઉમેદવાર બનાવ્યા છે. ભાજપે અત્યાર સુધી ૨૨૮ બેઠકો પર પોતાના ઉમેદવારોની જાહેરાત કરી છે. હવે બે બેઠકો એવી છે કે જ્યાં ભાજપના ઉમેદવારોના નામ જાહેર કરવાના બાકી છે. ભાજપે અત્યાર સુધી પાંચ યાદીમાં જ્યોતિરાદિત્ય સિંધિયાને મેદાનમાં ઉતાર્યા નથી. આ વખતે ભાજપે વિધાનસભાની લડાઈમાં સાત સાંસદોને મેદાનમાં ઉતારીને સૌને ચોંકાવી દીધા છે. પાર્ટીએ સીએમ શિવરાજ સિંહ ચૌહાણને પણ ટિકિટ આપી છે.

### કેનેડિયન રાજદ્વારી

(પાના નં. ૧ થી આગળ)

સંવાદ અને મુત્સદ્દીગીરીની જરૂર છે. અમે ભારત સરકાર દ્વારા લેવામાં આવેલા નિર્ણયો સાથે સહમત નથી જેના પરિણામે ઘણા કેનેડિયન રાજદ્વારીઓ ભારત છોડી ગયા છે, FCDO નિવેદનમાં જણાવાયું છે.

નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, અમે તમામ રાષ્ટ્રે રાજદ્વારી સંબંધો પરના ૧૯૬૧ના વિયેના કન્વેન્શન હેઠળ તેમની જવાબદારીઓને નિભાવવાની અપેક્ષા રાખીએ છીએ નિવેદનમાં કહેવામાં આવ્યું છે.

### સ્પા સેન્ટર

(પાના નં. ૧ થી આગળ)

ગીર સોમનાથમાં પણ કુલ ૨૧ સ્થળો પર ૧૦ ટીમો દ્વારા ચેકીંગ હાથ ધર્યું હતું. અમદાવાદમાં પશ્ચિમ અને પૂર્વ વિસ્તારમાં પણ ૨૫ સ્પામાં પોલીસ દ્વારા ચેકીંગ હાથ ધર્યું હતું.

# જામનગરમાં જમાવટ કરી રહ્યો છે પ્રાચીન-અર્વાચીન રાસોત્સવ

## સાત દાયકાથી ત્રણ પેઢી એક સાથે પ્રાચીન ગરબા રમે છેઃ વંડાફળીની ખોડિયાર ગરબી મંડળે જગાવ્યું ભારે આકર્ષણ





તસવીરઃ જીતુ સોલંકી





**ગુગળી બ્રાહ્મણોની ગરબી**

ગુગળી બ્રાહ્મણ જ્ઞાતિ સ્ત્રી મંડળ જામનગર દ્વારા શહેરના આણંદબાવા ચકલા વિસ્તારમાં આવેલા ત્રિક્રમરાજીના મંદિરે છેલ્લા એક દાયકાથી પ્રાચીન ગરબા રમવામાં આવે છે. જે અગાઉ મહાલક્ષ્મી ચોકમાં આવેલા રણછોડરાયજીના મંદિરે આ પ્રાચીન ગરબા રમાતા. અંદાજે છેલ્લા એક દાયકાથી ત્રિક્રમરાજીના મંદિરના ટ્રસ્ટી ધીરૂભાઈ જોશી દ્વારા સંસ્થાને નવરાત્રી પર્વ માટે જગ્યા અને સંપુર્ણ સહકાર આપવામાં આવે છે. શ્રી ગુગળી બ્રાહ્મણ સ્ત્રી મંડળ સંસ્થાના પ્રમુખ માધવીબેન ઠાકર અને કારોબારી સભ્યો દ્વારા તૈયારી કરી ત્રિક્રમરાયજીના મંદિરના પટાગણમાં દૈનિક ૧૨૫થી વધુ બાળાઓ-મહિલાઓ ગરબા રમે છે. જામનગરમાં આશરે ૧૫૦ પરીવારની ૨૨૦ જેટલી મહિલાઓ સંસ્થાની સભ્ય છે. સંસ્થાના ઉપપ્રમુખ દક્ષાબેન દવે સહીતના અનેક પરીવારના સભ્યો છેલ્લા ૨ દાયકાથી વધુ સંસ્થામાં સેવા બજાવે છે.

**વંડાફળી**

હજુ પણ પ્રાચીન ગરબી જોવાનો લોકોમાં ઉત્સાહ છે, બે-બે માસથી પ્રેકટીસ કરી રહેલી બાળાઓ માઁ જગદંબાની આરતી ઉતારીને ગરબે ઘૂમે છે. ત્યારે જામનગરમાં ખોડિયાર ગરબી મંડળ (વંડાફળી) દ્વારા આયોજિત નવલી નવરાત્રિ મહોત્સવમાં પણ બાળાઓ મન મૂકીને માતાજીની આરાધના કરે છે. આ તકે દીપ પ્રાગટ્યમાં પૂર્વ શહેરી વિકાસ મંત્રી પરામણંદભાઈ ખટ્ટ, 'ખબર ગુજરાત'ના તંત્રી નિલેશભાઈ ઉદાણી, ઉદ્યોગપતિ વિપુલભાઈ કોટક, દીનેશભાઈ રામફતિયા, 'સેબી'ના માન્ય શેરબજાર એનાલિસ્ટ નિખીલભાઈ ભટ્ટ, નવાનગર સેવા સંસ્થાના પી.ડી. રાજયગુરૂ ઉપસ્થિત રહ્યાં હતાં. ઉપરાંત ભાજપ શહેર પ્રમુખ વિમલભાઈ કગથરા, મહામંત્રી વિજયસિંહ જેઠવા, સ્ટેન્ડિંગ કમિટિના ચેરમેન નિલેશભાઈ કગથરા, કોર્પોરેટર કુસૂમબેન પંડ્યા, ધર્મિષ્ઠાબા સોઢા, આર.સી. ફળદુના પ્રતિનિધિ રાજુભાઈ, વૉર્ડ પ્રમુખ ભાવેશભાઈ કોઠારી, મહામંત્રી હિતેશભાઈ ચોટાઈ, દુષ્યંતભાઈ સોલંકી, રાજુભાઈ બારડ, બ્રિજેશ વારા જગદીશભાઈ, સુરેશભાઈ, મિલભાઈ સોનછાત્રા, બીંદીયા ગોસ્વામી પણ ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં.

આમ પ્રાચીન ગરબી જોવા લોકો ઉમટી પડ્યા હતાં, પોલીસ વડાની આગેવાની હેઠળ મજબુત બંદોબસ્ત હોવાથી કોઈ અનિચ્છનીય બનાવ બન્યો નથી તે એક સારી વાત છે જયારે વિવિધ સ્થળોએ ગરબીઓમાં ઈનામી ડ્રો પણ રાખવામાં આવ્યો છે અને તેના માટે ભેટ પણ રાખવામાં આવી છે.

# જામનગરમાં આયુર્વેદના તબીબી છાત્રો દવાની 'ફાકી' વાળવાનું બાજૂએ મૂકી રમ્યા રાત 'આખી'

## અલગ અલગ વેશ ભૂષા ધારણ કરીને રાસ રમવામાં આવ્યા



જામનગરની આયુર્વેદ યુનિવર્સિટીમાં તબીબી વિદ્યાર્થીઓ દ્વારા પ્રતિ વર્ષ મુજબ આ વખતે પણ નવરાત્રી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું, અને દાંડિયા રાસનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં તબીબી વિદ્યાર્થીઓએ ભગવાનના વિવિધ સ્વરૂપ સહિતની અલગ અલગ વેશ ભૂષા ધારણ કરીને રાસ રમવામાં આવ્યા હતા. નવરાત્રી મહોત્સવ દરમિયાન તબીબી વિદ્યાર્થીઓ દ્વારા ભગવાન શિવ શંકર, ભગવાન શ્રીકૃષ્ણ, માતા પાર્વતી, ઉપરાંત કાળકા માતા, ચંડી માતા,દુર્ગા માતા સહિતના અનેક દેવી દેવતાઓના સ્વરૂપ ધારણ

અનુ પાના નં.૨ પર



તસવીરઃ જીતુ સોલંકી



# દ્વારકા અને ખંભાળિયામાં મળી ત્રણ વ્યક્તિના જીવ હૃદયરોગના હુમલાએ લીધાં

ખંભાળિયા તાલુકાના મોટા આંબલા ગામે રહેતા આતિમભાઈ બસીરભાઈ સંઘાર નામના ૩૧ વર્ષના યુવાન ખાનગી કંપનીમાં કામ કરી રહ્યા હતા, તે દરમિયાન તેમને છાતીમાં દુખાવો ઉપાડતા તેમનું મૃત્યુ નીપજ્યું હતું. જે અંગેની જાણ મૃતકના ભાઈ ઈમ્તિયાઝભાઈ બસીરભાઈ સંઘાર (ઉ.વ. ૨૧) એ અહીંની પોલીસને કરી છે.

ખંભાળિયાના રામનગર વિસ્તારમાં રહેતા રવજીભાઈ પાંચાભાઈ કણજારીયા નામના ૭૨ વર્ષના વૃદ્ધને હાર્ટ એટેક આવી જતા તેમનું મૃત્યુ નિપજ્યું હોવાની જાણ મૃતકના પુત્ર મુકેશભાઈએ પોલીસને કરી છે.

દ્વારકામાં હાથી ગેઈટ વિસ્તારમાં રહેતા રાજકુમાર ચિતામણી સોલંકી નામના ૫૨ વર્ષના આધેડને રાવળા તળાવ

અનુ પાના નં.૨ પર

# રાજકોટમાં અલ્કાપુરી સોસાયટીમાં રાત્રીના ગરબીમાં ડાકલા ધીમેથી વગાડવાનું કહેતા પરિવાર પર હુમલો

## કારમાં ધસી આવેલા છ શખસોએ ધોકા- પાઈપ વડે હુમલો કરી આતંક મચાવ્યો ૧૧ વર્ષના બાળક સહિત ચારને ઈજા

શહેરના રૈયા રોડ પર હનુમાન મઢી ચોક પાસે અલ્કાપુરી સોસાયટીમાં રાત્રિના ગરબીમાં મોટેથી ડાકલા વાગી રહ્યા હોય જેથી અવાજ ધીમો કરવાનું અહીં રહેતા પરિણીતાએ કહ્યું હતું. દરમિયાન છ શખસો રાત્રિના પરણીતાના ઘરે ધસી આવી ધોકા- પાઈપ પડે હુમલો કરી આતંક મચાવ્યો હતો. જેમાં પરિણીતા તેના પતિ અને તેના પિતા તેમજ તેમના ૧૧ વર્ષના પુત્રને ઈજા પહોંચી હતી. આ મામલે પરિણીતાની ફરિયાદ પરથી ગાંધીગ્રામ પોલીસે આરોપીઓ સામે રાયોટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

બનાવની જાણવા મળતી વિગતો મુજબ, રાજકોટમાં રૈયા રોડ પર હનુમાન મઢી ચોક પાસે અલ્કાપુરી સોસાયટી શેરી નંબર ૮ માં રહેતા ભારતીબેન અલ્પેશભાઈ વાળા (ઉ.વ ૩૫) દ્વારા ગાંધીગ્રામ પોલીસમાં નોંધાવવામાં આવેલી ફરિયાદમાં આરોપી તરીકે અહીં પાસેના વિસ્તારમાં જ રહેતા ગોપાલ દેવદાનભાઈ બોળીયા, કાના દેવદાનભાઈ બોળીયા, ગોવિંદ બાથાભાઈ બોળીયા, લાલુ ગોવિંદભાઈ બોળીયા અને બે અજાણ્યા શખસોના નામ આપ્યા છે.

પરિણીતાએ પોતાની ફરિયાદમાં જણાવ્યા મુજબ, ગઈકાલ રાત્રિના શેરીમાં ગરબી થતી હોય ત્યાં નવેક વાગ્યાથી સતત મોટા અવાજે માતાજીના ડાકલા વગાડતા હોય જેથી આ બાબતે તેમણે શેરીમાં રહેતા પ્રભાબેન અને મીતાબેન સાથે ફોન પર વાત કરતા તે બંને પણ ગરબીમાં ખૂબ વધારે અવાજમાં ડાકલા વાગતા હોય તેના કારણે હેરાન થતા હોવાનું ફરિયાદીને કહેતા આ ત્રણેય મહિલાઓ રાત્રિના ગરબીનું આયોજન કરનાર લક્ષ્મીબેન હમીરભાઈ સાગઠીયા તથા તેના પુત્ર વિશાલ સાગઠીયા અહીં ગરબીએ હાજર હોય તેમને ગરબીમાં ડાકલા ધીમા વગાડો તેમ કહેતા લક્ષ્મીબેન અને તેના પુત્રએ ડાકલાનો અવાજ ધીમો કરી નાખશું તેમ જણાવ્યું હતું. બાદમાં મહિલા પોતાના ઘરે ચાલ્યા ગયા હતા.

દરમિયાન રાત્રિના દસેક વાગ્યા આસપાસ કોઈએ તેમના ઘરની ડેલી ખખડાવી હતી બહાર આવી જોતા અલકાપુરી શેરી નંબર ૧ માં રહેતો ગોપાલ બોળીયા અહીં ઉભો હોય અને તે કહેવા લાગ્યો હતો કે તમે લક્ષ્મીબેનને ગરબી બંધ કરાવવાનું કેમ કહો છો? જેથી ફરિયાદીએ કહ્યું હતું કે મેં ડાકલાનો અવાજ ધીમો કરવાનું કહ્યું છે ગરબી બંધ કરવાનું નહીં બાદમાં આ ગોપાલ ઉશ્કેરાઈ ગયો હતો અને બોલાચાલી કરી ગાળો આપવા લાગ્યો હતો. તેમજ પરિણીતાને જાપટો મારવા લાગ્યો હતો દેકારો થતા પરિણીતાના પતિ અલ્પેશભાઈ વાળા અને તેમના પિતા દિનેશભાઈ અહીં આવ્યા હતા અને તેમને છૂટા પડાવતા ગોપાલ ચોકમાં જતો રહ્યો હતો થોડીવાર બાદ સફેદ કલરની કાર લઈ તેમાં બે અજાણ્યા શખસો તથા ગોપાલ તથા તેનો ભાઈ કાના ગોવિંદ અને લાલુ સહિતનાઓ અહીં કારમાંથી ધોકા પાઈપ લઈ ઉતર્યા હતા અને તેમણે પરિણીતા પર તથા તેના પતિ અને પિતા પર હુમલો કરી દીધો હતો. આ દરમિયાન પરિણીતાના ૧૧ વર્ષનો પુત્ર રક્ષવ પણ અહીં ઊભો હોય તેને પણ હાથમાં લાકડીનો કામ હારી દીધો હતો.

દરમિયાન શેરીમાં લોકો એકત્ર થઈ જતા પરિણીતા તથા તેનો પરિવાર જેમતેમ કરી

અનુ પાના નં.૨ પર

## લાલપુર બાયપાસ અકસ્માત ઝોન સાબીત થઈ રહ્યું છેઃ વધુ એક ઍક્સિડન્ટ

જામનગર નજીક લાલપુર બાયપાસ પાસે ગઈકાલે બપોરે પુરપાટ ઝડપે આવેલા બાઈકચાલકે બેદરકારીથી ચલાવી સાયકલને ઠોકર મારી હતી જેમાં સાયકલ સવારને ગંભીર ઈજા પહોચતા ૧૦૮ મારફત સારવાર અર્થે જી.જી. હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા હતા, અકસ્માતનો વધુ એક બનાવ બનતા લોકો એકત્ર થઈ ગયા હતા.

## જામનગરમાં જુગાર-વર્લીનો આંખેદેખ્યો અહેવાલ આપતો પોલીસ ઝપટે ચડ્યો

જામનગરના કાલાવડ નાકા બહાર વાવનો ચોક ખાતે રહેતા સીરાજુદીન ઉર્ફે કોમેન્ટર જયરૂદીન શેખ (ઉ.વ.૪૨) નામના શખ્સને મુલ્લા મેડી રોડ પર જાહેરમાં વર્લી મટકાના આંકડાનો જુગાર રમતા રોકડા ૨૧૭૦ અને એક ચિઠ્ઠી સાથે સીટી-એ પોલીસે પકડી લીધો હતો.

# કૃષિમંત્રીના અધ્યક્ષસ્થાને જામનગર તાલુકા કક્ષાનો કૃષિ પરિસંવાદ કાર્યક્રમ યોજાયો



તસવીરઃ જીતુ સોલંકી



રાજયના કૃષિ, પશુપાલન, ગૌ સંવર્ધન, ગ્રામ વિકાસ અને ગ્રામગૃહ નિર્માણ વિભાગના કેબિનેટ મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલના અધ્યક્ષસ્થાને જામનગર માર્કેટિંગ યાર્ડ ખાતે જામનગર તાલુકા કક્ષાનો કૃષિ મેળો-કૃષિ પરિસંવાદ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં જામનગર તાલુકાના ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ વર્ષ ૨૦૨૩ને આંતરરાષ્ટ્રીય તૃણ ધાન્ય વર્ષ એટલે કે ઈન્ટરનેશનલ મીલેટસ યર તરીકે જાહેર કરવામાં આવ્યું છે. આ વર્ષ ઉજવવાનો હેતુ એ છે કે, ગૌણ ધાન્ય જેવા કે, બાજરો, રાગી, નાગલી, જુવાર, કોદરા, કાંગ, સામો વગેરે જાડા ધાન્યોનું ઉત્પાદન વધારવું, તેનો વપરાશ વધારવો, ખેડૂતોની આવકમાં વધારો થાય તે રીતે સમગ્ર દેશમાં પ્રયત્નો કરવામાં આવ્યા છે. સમગ્ર દેશમાં મીલેટસ વર્ષની ઉજવણીની સાથે ભારતને આંતરરાષ્ટ્રીય તૃણધાન્ય બજારના કેન્દ્ર તરીકે પ્રસ્થાપિત કરવાનો પણ રહેલો છે.

કાર્યક્રમના મુખ્ય અધ્યક્ષ અને કૃષિમંત્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું હતું કે, ભારતમાં અવકાશી ખેતી જોવા મળે છે. જેથી આપણા ખેડૂતો કુદરત ઉપર આધારિત છે. ત્યારે ખેડૂતોને નિયમિતપણે આવક મેળવવા માટે પશુપાલનની સાથે મીલેટસ ધાન્યોની ખેતી કરવી જોઈએ. માત્ર આર્થિક દ્રષ્ટીએ ફાયદા માટે જ નહી,પરંતુ આરોગ્યની જાળવણી કરવા માટે પણ આપણા ખેડૂતોએ મીલેટસ ધાન્યોનું વાવેતર વધારવું જોઈએ. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ ખેડૂતોને આત્મનિર્ભર કરવા માટે રાજ્ય સરકાર દ્વારા મીલેટસ ધાન્યોના ઉત્પાદનને સતત પ્રોત્સાહન પુરૂં પાડવામાં આવી રહ્યું છે, ત્યારે આપણા સૌની પણ એ જવાબદારી બને છે કે ભારતીય સંસ્કૃતિના મુલ્યોની જાળવણી થાય. જામનગર ખેતીવાડી વિભાગ દ્વારા ખેડૂતોને ૨૪ કુ ૭ કલાક માર્ગદર્શન પૂરું પાડવામાં આવી રહ્યું છે.

કૃષિમંત્રીએ આગળ જણાવ્યું હતું કે, આજના સમયમાં આરોગ્યલક્ષી અનેક પ્રશ્નો જોવા મળી રહ્યા છે. હાનિકારક રંગો અને રસાયણો ધરાવતા ફડ પ્રોડક્ટ્સથી લોકોના આરોગ્ય પર જોખમ છે. ત્યારે આપણી પ્રાચીન સંસ્કૃતિમાં મીલેટસ એટલે કે શ્રીધાન્યોના વપરાશના પુરાવા મળ્યા છે. ખેડુતો મીલેટસમાંથી બનતી વાનગીઓનું વેચાણ કરીને સહાયક આવક મેળવી શકે છે. આંતરરાષ્ટ્રીય બજારોમાં મીલેટસમાંથી બનતા પિત્ઝા, રોટલા અને ખાદ્ય પદાર્થોની ભારે માંગ જોવા મળે છે. ત્યારે ખેડૂતોએ આ દિશામાં આગળ ધપવાની જરૂર છે. ખેડૂતોની આવક વધે, કૃષિની સાથે પશુપાલન અને મત્સ્યોદ્યોગ સાથે સાથે આગળ વધે તે રીતે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલનાં માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર દ્વારા સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

કાર્યક્રમમાં સાંસદ પૂનમબેન માડમે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ વિશ્વગુરૂ બનવા તરફની યાત્રામાં છે. આંતરરાષ્ટ્રીય યોગ દિવસ હોય કે આંતરરાષ્ટ્રીય શ્રીધાન્ય વર્ષ હોય, ભારતની જવાબદારી બની છે કે તે વિશ્વને ફરી એકવાર સાચો રાહ ચીંધાડી શકશે. આજના આધુનિક સમયમાં પશ્ચિમી સંસ્કૃતિથી પ્રેરણા લઈને પ્રોસેસ્ડ ફડ જેવા કે, પીઝા, બર્ગર અને ચિપ્સનું સેવન યુવાવર્ગમાં ખુબ જ જોવા મળે છે. જેનાથી સમાજમાં અનેક રોગોનું પ્રમાણ વધ્યું છે. ત્યારે આંતરરાષ્ટ્રીય શ્રીધાન્ય વર્ષની ઉજવણીના ભાગરૂપે લોકોને ફરી એકવાર જાડા ધાન્યોનું મહત્વ સમજાવવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે. સોફ્ટ ગ્રેઈન્સ જેવા કે, ચોખા, ઘઉંનું સેવન શહેરીકરણના લીધે સતત વધી રહ્યું છે. ત્યારે મીલેટસ ધાન્યોનું સેવન લોકોને અનેક રોગોથી બચાવી શકે છે. કાર્યક્રમમાં જામનગર જિ.પં. ખેતીવાડી શાખા દ્વારા વિવિધ

અનુ પાના નં.૨ પર

## ભારત મીલેટસ પ્રોડક્ટસના વેચાણ અને નિકાસમાં બહુ જલ્દી મેગા હબ બનવા તરફ પ્રયાણ- સાંસદ પૂનમબેન માડમઃ પ્રધાનમંત્રીના માર્ગદર્શન હેઠળ ખેડૂતોને આત્મનિર્ભર બનાવવા માટે રાજ્ય સરકાર દ્વારા મીલેટસ ધાન્યોના ઉત્પાદનને સતત પ્રોત્સાહનઃ રાઘવજી પટેલ

# જામનગરના વિવિધ વિસ્તારોમાં વિજ વિભાગ દ્વારા અપાતાં ચેકિંગના ઝટકા !

## જામનગરમાં વિજીલન્સની ૩૭ ટીમો વિજચોરી ઝડપવા મેદાને પડીઃ શહેરના વિવિધ વિસ્તારોમાં ચેકિંગનો ધંધમાટઃ મોટાપાયે વિજચોરી પકડાઈ હોવાનો અંદાજ


તસવીરઃ જીતુ સોલંકી



જામનગર શહેરમાં નવરાત્રિમાં જ મોટાભાગે વિજલોસ આવતો હોય, ગઈકાલે સવારના ૭ વાગ્યાથી પીજીવીસીએલની કુલ ૩૭ ટીમોએ શહેરના કેટલાક વિસ્તારોમાં વ્યાપક દરોડાઓ પાડીને ડાયરેકટર વિજજોડાણ લેતા લોકો, મીટર સાથે ચેડા કરતા લોકો અને લંગરીયાનું ચેકીંગ કરીને વિજચોરી પકડી પાડવા અભિયાન હાથ ધર્યું હતું, જામનગર શહેર ઉપરાંત પસાયા બેરાજામાં પણ પીજીવીસીએલની ટીમ ત્રાટકી હતી.

પીજીવીસીએલના અધિકારી ખરા ના જણાવ્યા અનુસાર કાલાવડ નાકા બહાર પટ્ટણી વાડ, સાતરસ્તા, સબ ડીવીઝન, બેડેશ્વર, ગાંધીનગર, મોમાઈનગર, મોહનનગર, સુભાષબ્રીજ નીચેનો વિસ્તાર સહિતના અનેક વિસ્તારોમાં ટીમો ફરી વળી છે, મોટાપાયે ચેકીંગ થઇ રહ્યું હતું.

સામાન્ય રીતે નવરાત્રિ અને દિવાળીમાં જે તે વિસ્તારોમાં પીજીવીસીએલને ખૂબ જ વિજલોસ આવે છે, કેટલાક લોકો દ્વારા ડાયરેકટર વિજ કનેકશન લેવામાં આવે છે, હમણાં થોડા સમયથી ચેકીંગની કાર્યવાહી બંધ હતી ત્યારે ફરીથી વિજચોરોએ માથું ઉંચક્યું છે.

શહેરમાં તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં પણ કેટલાક ગામોમાં પીજીવીસીએલ વિજલોસ ધરાવે છે ત્યારે સપડા અને આજુબાજુના વિસ્તાર તેમજ પસાયા બેરાજા વિસ્તારમાં પણ પીજીવીસીએલની ટીમો ત્રાટકી છે.

૩૭ ટીમો દ્વારા ઘેર ઘેર ચેકીંગ કરવામાં આવ્યું છે, એકસ આર્મીમેન, પોલીસ અને પીજીવીસીએલનો મોટો સ્ટાફ આ વિજચોરી પકડવાના અભિયાનમાં જોડાયું છે ત્યારે કોઈપણ જાતનો અનિચ્છનીય બનાવ ન બને તે માટે ગઈકાલથી આગોતરૂં આયોજન કરીને સ્થાનિક લેવલે મજબુત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

# જામનગરના બેડી વિસ્તારમાં માત્ર ૧૩ વર્ષની બાળકીનો આપઘાત

## ટીવી જોવાની ના પાડતાં લીધું અંતિમ પગલુંઃ પરિવાર શોકમગ્ન

જામનગરના દરેડમાં તાજેતરમાં જ એક બાળાએ આપઘાત કરી લીધાનો બનાવ તાજો છે ત્યાં બેડી વિસ્તારમાં ૧૩ વર્ષની બાળાએ ગળાફાંસો ખાઈને જીવાદોરી ટુંકાવી લેતા ઘેરા શોકની લાગણી ફેલાઇ છે, ભાઈએ ટીવી જોવાની ના પાડતા મનમાં લાગી આવવાથી પગલું ભરી લીધુ હતું.

**આઘાત સાથે આશ્ચર્ય**

છેલ્લા થોડા સમયથી નાની વયે આત્મઘાતી પગલા ભરવાના બનાવો વધી રહયા છે, ખાસ કરીને ટીનએજરો નજીવી બાબતોમાં જીવન સંકેલી લેતા હોવાનો કિસ્સા સામે આવતા ચિંતાની લાગણી પ્રસરી છે, હાલમાં દરેડમાં એક બાળાએ આપઘાત કરી લીધો હતો, દરમ્યાન બેડી વિસ્તારમાં વધુ એક બનાવ સામે આવતા ભારે અરેરાટી પ્રસરી ગઇ છે.

જાણવા મળતી વિગત મુજબ જામનગરના બેડી થરી વિસ્તારમાં રહેતી હુશેના ફારૂકભાઈ નારેજા (ઉ.વ.૧૩) નામની બાળા અને તેના ભાઈ વચ્ચે ટીવી જોવા બાબતે રકઝક થઈ હતી અને તેણીના ભાઈએ ટીવી જોવાની ના પાડતા હુશેનાને મનમાં લાગી આવતા ગઈકાલે પોતાના ઘરે ગળાફાંસો ખાઈ લેતા બેભાન હાલતમાં જી.જી. હોસ્પીટલ ખાતે સારવામાં લઇ જવામાં આવેલ જયાં તેણીનું મૃત્યુ થયુ હતું.

આ અંગે બેડીમાં રહેતા ફારૂક મામદભાઈ નારેજાએ મરીન પોલીસમાં જાહેર કર્યુ હતું, ૧૩ વર્ષની બાળાના આત્મઘાતી પગલાથી બેડેશ્વર વિસ્તારમાં ઘેરા શોકની લાગણી ફેલાઇ ગઇ હતી. પોલીસ દ્વારા જાહેર થયેલી વિગતોના આધારે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# પાકિસ્તાની જાસૂસીકાંડમાં જામનગરનું કનેકશન ખૂલતાં ખળભળાટ

## એટીએસ દ્વારા આણંદના શખસને લીધો અટકમાંઃ સઘન તપાસનો ધમધમાટઃ જામનગરના બે શખસો દુબઈ પહોંચ્યા હોવાની ચર્ચાએ પકડ્યું જોર



ગુજરાત એટીએસની ટીમે આણંદના તારાપુરથી એક શખ્સને ઝડપી લઈને પુછપરછ કરતા પાકિસ્તાની જાસુસ હોવાનું સામે આવ્યુ હતું, જાસુસી કરવા માટે ભારતનું સિમકાર્ડ મોકલ્યુ હતું અને આ સિમકાર્ડનું કનેકશન જામનગરના બેડીના એક શખ્સના નામે ખરીદીને એકટીવેટ કરાવવામાં આવ્યું હોવાની વિગતો પ્રાથમિક તપાસમાં બહાર આવતા ભારે ખળભળાટ મચી ગયો છે, જુદી જુદી ટુકડીઓ દ્વારા તપાસના ચક્રો ગતીમાન કરવામાં આવ્યા છે, એવી વિગત જાણવા મળી છે કે જામનગર વિસ્તારનો શખ્સ દુબઈ પહોંચી ગયા છે.

એટીએસના ઈન્ટેલિજન્સ વિભાગને ચોકકસ બાતમી મળી હતી કે, પાકિસ્તાની જાસુસી સંસ્થા સાથે સંકળાયેલા કોઈ વ્યકિત દ્વારા પાકિસ્તાનથી સીમકાર્ડ પર વોટસએપ મારફતે માલવેર વાયરસ મોકલીને ફોન હેક કરીને જાસુસી કરવામાં આવી રહી છે જે બાબતે એટીએસ દ્વારા શંકાસ્પદ મોબાઈલ નંબર અંગે તપાસ શરૂ કરવામાં આવી હતી, ત્યારે વિગતો બહાર આવી હતી કે જામનગરમાં રહેતા મોહમંદ સકલીન ઉમર થઈમ નામના વ્યકિતએ પાકિસ્તાનના જાસુસના કહેવાથી પોતાના નામે સીમકાર્ડ ખરીદીને જામનગરમાં અસગર મોદીની શોપમાં એકટીવેટ કરાવ્યુ હતું. જે સીમ કાર્ડ પાકિસ્તાન એમ્બેસીમાં રેલા એક વ્યકિતના કહેવાથી આણંદ જિલ્લાના તારાપુરમાં રહેતા લાભશંકર મહેશ્વરીને આપવામાં આવ્યુ હતું

આ માહિતીના આધારે એટીએસ દ્વારા આણંદથી લાભશંકર મહેશ્વરીની અટકાયત કરવામાં આવી હતી, તેની આકરી પુછપરછ કરતા તેણે ચોકાવનારો ખુલાસો કર્યો હતો કે તે પાકિસ્તાનનો નાગરિક હતો અને વર્ષ ૧૯૯૯માં લાંબા સમયના વિઝા પર આણંદના તારાપુરમાં આવીને રહેતો હતો, ૨૦૦૫માં તેને ભારતીય નાગરીકત્વ મળ્યુ હતું, વર્ષ ૨૦૨૨માં તેણે પાકિસ્તાન જવા માટે વીઝા એપ્લીકેશન કરી હતી, આ માટે તેણે પાકિસ્તાનમાં રહેતા તેના પિતરાઈ ભાઈ કિશોર સાથે વાત કરી હતી.

જેથી તેણે પાકિસ્તાન એમ્બેસીમાં રહેતા એક વ્યકિતનો મોબાઈલ નંબર આપીને સંપર્ક કરવા જણાવ્યુ હતું અને પાકિસ્તાન જતા સમયે સીમકાર્ડ લઈને લાભશંકરે વોટસએપ ચાલુ કરીને ત વ્યકિતને પહોચતું કરી દીધુ હતું, જે પછી પાકિસ્તાની જાસુસી આ વોટસએપ મારફતે ભારતીય સેનાના જવાનો અને તેની સાથે જોડાયેલી

અનુ પાના નં.૨ પર

# સોશિયલ મીડિયામાં ફેક આઈટીની પ્રવૃત્તિ કરનાર સિક્કાનો શખસ 'પાસા'ના પાંજરે

## છેતરપિંડી સહિતના અનેક ગુનામાં સંડોવાયેલો આરોપી સાબરમતી જેલમાં ધકેલવામાં આવ્યો

જામનગરમાં અસામાજીક પ્રવૃતિઓ આચરનારા અને પ્રોહી બુટલેગરો સામે પાસાના શસ્ત્રો ઉગામવામાં આવી રહ્યા છે, વધુ એક શખ્સની સામે પાસા હેઠળ કાર્યવાહી કરી વોરન્ટની બજવણી કરી અમદાવાદની સાબરમતી જેલમાં મોકલી આપવા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

રાજકોટ રેન્જ આઈજી અશોકકુમારએ જામનગર જીલ્લામાં અસામાજીક ઈસમો ઉપર કડક કાર્યવાહી કરવા સુચના આપેલ હોય જેથી પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલુના માર્ગદર્શન હેઠળ જીલ્લામાં અસામાજીક પ્રવૃતી કરનાર ઈસમો ઉપર પાસા દરખાસ્ત તૈયાર કરવા એલસીબી પીઆઈ જે.વી. ચૌધરીને સચુના કરેલ જેથી પીએસઆઈ આર.કે. કરમટા, શરદભાઈ પરમાર, હીરેનભાઈ વરણવાએ ગુના આચારનાર વિરુદ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી એસપી મારફતે જીલ્લા મેજીસ્ટ્રેટ બી.એ. શાહને મોકલતા અફજલ કાસમ લાખાણી (ઉ.વ.૪૦) મુળ જમનાકુંડ ચોક, ભાવનગર, હાલ પંચવટી સોસાયટી, સોઢા સ્કુલ પાસે, જામનગર વાળાને અમદાવાદ સાબરમતી જેલ મોકલી આપવા તજવીજ કરી હતી.

ભાવનગરના વતની અને સિક્કાની પંચવટી સોસાયટીમાં રહેતા અફજલ લાખાણી સામે સિકકા પોલીસ સ્ટેશનમાં કાવતરૂ, ધમકી તથા આઈટી એકટ મુજબ, જામનગર સીટી-એમાં તથા સીટી-બીમાં ૪૨૦, ૪૦૬ અને સિકકામાં પણ ૪૦૬, ૪૨૦, ૫૦૬(૨) મુજબ ગુનો નોંધાયો હતો.

અટકાયતી ઈસમ જાહેર સુલેહશાંતીનો ભંગ થાય અને

અનુ પાના નં.૨ પર

# શહેરના ઈવાપર્કમાં ખોડલધામ ટ્રસ્ટ (કાગવડ)ના વડપણ હેઠળ શ્રી ખોડલધામ નવરાત્રિ મહોત્સવનું અનેરૂ આકર્ષણ


વિશેષ અહેવાલ પાના નં.૩ ઉપર


તસવીરઃ જીતુ સોલંકી



જામનગરમાં આ વર્ષે ખોડલધામ ટ્રસ્ટ દ્વારા ઈવાપાર્ક વિસ્તારમાં નવરાત્રી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે જેમા ૩ હજારથી વધુ યુવા ભાઈ-બહેનો જય ખોડલના નાદ સાથે નવરાત્રી મહોત્સવમાં ભાગ લે છે, સુમધુર સંગીતના સથવારે નવરાત્રી મહોત્સવમાં પટેલ સમાજના લોકો જ ભાગ લઈ રહયા છે.

જામનગરમાં તા. ૧૫ ઓકટોબરથી નવરાત્રિ મહોત્સવનો પ્રારંભ થયો છે ત્યારે દર વર્ષની જેમ આ વર્ષે પણ સમાજના ભાઈઓ-બહેનો પારિવારિક માહોલમાં ગરબે રમીને આદ્યશક્તિની આરાધના કરી શકે તે માટે શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા નવરાત્રિ મહોત્સવનું જાજરમાન આયોજન કરાયું છે. શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા જામનગર શહેરમાં નરેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ નવરાત્રિ મહોત્સવનું ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. અદ્યતન સાઉન્ડ સિસ્ટમ, વિશાળ મેદાન, લાઈટીંગ, બહેનોની સંપૂર્ણ સુરક્ષા અને પારિવારિક માહોલમાં આ નવરાત્રિ મહોત્સવ યોજાશે. તા. ૧૫ ઓક્ટોબરથી ૨૪ ઓક્ટોબર સુધી યોજાનાર આ નવરાત્રિ મહોત્સવમાં દેશ-વિદેશમાં ખ્યાતિ

અનુ પાના નં.૨ પર

# ખંભાળિયાના નવી મેવાણ રહેતાં આધેડનું ટ્રેન હેઠળ કપાઈ જતાં મોત

ખંભાળિયા તાલુકાના નવી મોવાણ ગામે રહેતા વેજાણંદભાઈ નારણભાઈ ગોજીયા નામના ૫૫ વર્ષના આહિર આધેડ ગુરુવારે રાત્રિના સમયે તાલુકાના વિરમદળથી જુવાનગઢ ગામ વચ્ચે ભાતેલ ગામ પાસેથી પસાર થતા રેલવે ટ્રેક હેઠળ આવી જતા તેમનું મૃત્યુ નીપજ્યું હતું. આ અંગેની જાણ મૃતકના પુત્ર પરબતભાઈ ગોજીયા (ઉ.વ. ૩૧)એ અહીંની પોલીસને કરી છે.

# ધ્રોલમાં ટ્રકના ક્લિનરને ઈલેક્ટ્રિક શૉક લાગતાં મોત

## ધાણાં ભરવા આવતાં લોખંડનો પાઈપ અડકી જતાં બન્યો ગોઝારો બનાવ

ધ્રોલના જુના રેલ્વે સ્ટેશન પાસે આવેલ અંબાજી એગ્રો ખાતે ટ્રકમાં ધાણા ભરવા આવેલા કિલનર ટ્રક ઉપર ચડીને પાઈપ કાઢતા હતા એ વેળાએ ઉપરથી પસાર થતા વિજતારને લોખંડનો પાઈપ અડી જતા વિજશોક લાગવાથી તેમનું મૃત્યુ નિપજયુ હતું.

રાજસ્થાનના બાડમેર જીલ્લાના શિવ તાલુકાના નેગરડા ગામના વતની બિરબલખાન લખણખાન ભૈયા નામનો યુવાન ટ્રકમાં કિલનર તરીકે કામ કરતો હોય અને ગઈકાલે ધ્રોલના જુના સ્ટેશન પાસે અંબાજી એગ્રો પ્રોડકટસ ઈન્ડ. ખાતે ટ્રક નં. જીજે૧૨-બીઝેડ-૫૧૪૦ લઈને ધાણા ભરવા માટે આવ્યા હતા.

દરમ્યાન બિરબલખાન ટ્રક ઉપર ચડીને લોખંડનો પાઈપ કાઢતા હતા અચાનક ઉપરથી પસાર થતી ચાલુ વિજ તારમાં પાઈપ અડી જતા શોક લાગતા તેમને ધ્રોલ સરકારી હોસ્પીટલ ખાતે લઈ જવામાં આવેલ જયાં મૃત્યુ નિપજયુ હતું આ અંગે મહેરદીન દ્વારા ધ્રોલ પોલીસમાં જાણ કરવામાં આવી હતી.

# વાવાઝોડાના પગલે હાલારના બંદરો ઉપર બે નંબરનું સિગ્નલ લગાવાયું

જામનગર સહિત સમગ્ર હાલારમાં વાવાઝોડાની આગાહી કરવામાં આવી છે, બે દિવસ સુધી પવન ફુંકાશે, જો કે વાવાઝોડુ આમોન તરફ જવાની પુરી શકયતા છે પરંતુ અગમચેતીના પગલા રૂપે બંદરો ઉપર બે નંબરનું સિગ્નલ લગાવી દેવામાં આવ્યું છે, ગઈકાલે પણ અસહ્ય ગરમી વચ્ચે તાપમાન ૩૪ ડીગ્રીએ પહોંચ્યું હતું. અગાઉ તંત્ર દ્વારા એક નંબરનું સીગ્નલ લગાવવામાં આવ્યું હતું, બપોરે ૧૨.૫૦ વાગ્યે આવેલા સમાચારમાં રોઝી પોર્ટ અને સલાયા પોર્ટ પર બે નંબરનું સીગ્નલ લગાવવામાં આવ્યું છે, તેમ કલેકટર કચેરીના કંટ્રોલ રૂમે જણાવ્યું છે.

જામનગરના બેડીબંદર તેમજ વાડીનાર, સલાયા, ઓખા સહિતના બંદરો ઉપર ગઈકાલથી જ બે નંબરનું સિગ્નલ લગાવી દેવાયું છે, જિલ્લા કલેકટરના આદેશથી મેરીટાઈમ બોર્ડ તથા અન્ય ખાતાના અધિકારીઓને સુચના આપી દેવામાં આવી છે, જો કે હાલ તો વાવાઝોડાની કોઈ શકયતા પણ નથી છતાં પણ તંત્ર સચેત થઈ ગયું છે. કલેકટર કચેરીના કન્ટ્રોલ રૂમના જણાવ્યા મુજબ વધુમાં વધુ તાપમાન ૩૪ ડીગ્રી, લઘુતમ તાપમાન ૨૩ ડીગ્રી, પવનની ગતિ ૧૦ થી ૧૫ કિ.મી. પ્રતિકલાક અને હવામાં ભેજ ૮૩ ટકા રહ્યો હતો. નવરાત્રી દરમ્યાન ઠંડી-ગરમીની મિશ્ર ઋતુ ચાલું રહી હતી અને લોકો બિમારીમાં સપડાઈ રહ્યા છે.

કાલાવડ, ખંભાળીયા, દ્વારકા, જામજોધપુર,

અનુ પાના નં.૨ પર

## સાવચેતીના પગલાં રૂપે લેવાયું પગલુંઃ ઝાપટા થઈ શકેઃ વાવાઝોડું ઓમાન તરફ વળી જવાની વકી

PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com